સુરત

બારડોલીના રાજપુરા લુંભા ગામે 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' સમાપન પ્રસંગે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ ગામના ખેડૂતો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમનાં પ્રશ્નો સાંભળી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ તથા સાંસદ પ્રભુભાઈ વસાવાએ ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોના અનુભવો સાંભળી રાસાયણિક ખેતીની તુલનામાં પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોની ગુણવત્તા પર વિચારવિમર્શ કર્યો હતો.

મંત્રીશ્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું હતું કે, આવનાર સમયમાં ગુજરાત એ પ્રાકૃતિક ખેતીમાં નવી ક્રાંતિનો માર્ગદર્શક બનશે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખેતી વચ્ચેનો તફાવત સમજાવતા કહ્યું હતું કે, આજે રાસાયણિક ખાતર અને જંતુનાશકોના વધતા ઉપયોગથી જમીનની તંદુરસ્તી અને આપણું આરોગ્ય બંને મુશ્કેલીમાં મૂકાઈ રહ્યાં છે. એ માટે હવે સમય આવ્યો છે કે, આપણે પ્રાકૃતિક ખેતી તરફ વળીએ અને એવી ખેતી કરીએ કે જેમાં જમીન જીવંત રહે, પાણીની બચત થાય અને ખેત ઉત્પાદનોનું મૂલ્ય વર્ધન કરીને આવક પણ બમણી થાય તે માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો.

કેન્દ્રીય કૃષિ મંત્રીએ ખેડૂતોને કહ્યું હતું કે, આપણી જમીન આપણું ભવિષ્ય છે. તેને જીવંત રાખવી એ આપણી નૈતિક જવાબદારી છે. આપણે પ્રાકૃતિક ખેતીનો એક નવો માર્ગ અપનાવીએ. થોડી મહેનત જરૂર છે, પણ પરિણામ લાંબા સમય માટે લાભદાયી નીવડશે એમ તેમણે ઉમેર્યું હતું. આ સાથે ખેડૂતો એ કેટલા વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. તેનાથી કેવું ઉત્પાદન મળે છે તેમજ પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના બજાર મૂલ્યો વિશે ચર્ચા કરી હતી.

મંત્રી શિવરાજસિંહે કહ્યું કે સંશોધન વાસ્તવિક સમયમાં ખેડૂતો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. 'લેબ ટુ લેન્ડ' ને જોડવું જરૂરી છે. પ્રદેશની આબોહવા અને વિશેષતા અનુસાર, ફળો, શાકભાજી અને પાકોના ઉત્પાદન વિશે સાચી માહિતી ખેડૂતો સુધી પહોંચવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ની કલ્પના કરી છે. તેથી, વિકસિત ભારત માટે વિકસિત ખેતી અને સમૃદ્ધ ખેડૂતો જરૂરી છે. ખેતી વિના વિકાસ શક્ય નથી.

મંત્રીએ રાજપુરા લુંભા ગામે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતના ફાર્મની મુલાકાત લીધી હતી. જંગલ મોડલ ફાર્મ આધારિત આધુનિક ખેતીને ફાયદાથી ખેડૂતોને માહિતગાર કર્યા હતા. વધુમાં તેમણે ઉમેર્યું કે, આવનારા સમયમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે સરકાર સંપૂર્ણ સહકાર આપશે અને ખેડૂતોને પ્રોત્સાહન મળશે.

કેન્દ્રીય કૃષિ મંત્રીએ કહ્યું કે, ખેતી ક્ષેત્રે નિર્ધારિત લક્ષ્યોને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત, 'લેબ ટુ લેન્ડ' ને જોડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વૈજ્ઞાનિકો ગામડે ગામડે જઈને ખેડૂતોને જમીનની ફળદ્રુપતા, આબોહવા અને અન્ય પરિબળોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ચોક્કસ વિસ્તારની માહિતીના આધારે યોગ્ય જાતો અને પદ્ધતિઓ દ્વારા ખેતીમાં ઉત્પાદન વધારવા વિશે માહિતી આપી રહ્યા છે. ગુજરાતના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ દેશને નવી દિશા આપી છે. ગુજરાત માત્ર વ્યાપાર, ઉદ્યોગ માટે જ નહી, પણ હવે પ્રાકૃતિક ખેતી માટે પણ પથપ્રદર્શક બની રહ્યો છે. અહીંના અનેક ખેડૂતોએ પરંપરાગત ખેતીના માર્ગને છોડીને, પૃથ્વી અને માનવ જાત માટે હિતકારક એવા પ્રાકૃતિક ખેતીના માર્ગે પગલાં મૂકી દીધાં છે. એ માટે હવે સમય આવ્યો છે કે, આપણે પ્રાકૃતિક ખેતી તરફ વળીએ અને એવી ખેતી કરીએ કે જેમાં જમીન જીવંત રહે, પાણીની બચત થાય અને ખેત ઉત્પાદનોનું મૂલ્ય વર્ધન કરીને આવક પણ બમણી થાય તે માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય કૃષિ મંત્રીએ ખેડૂતોને કહ્યું હતું કે, આપણી જમીન આપણું ભવિષ્ય છે. તેને જીવંત રાખવી એ આપણી નૈતિક જવાબદારી છે.


## ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિ.

(અગાઉ ઇક્વિટાસ ફાઇનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)

**કોર્પોરેટ ઓફિસ :** નંબર ૭૬૯, સ્પેન્સર પ્લાઝા, ચોથો માળ, ફેઝ-2, અન્ના સલાઇ, ચેન્નાઈ - ૬૦૦૦૦૨.
**શાખા ઓફિસ :** ૩૦૫-૩૦૬, ત્રીજો માળ, અભિશ્રી એડ્રોઇટ, સનરાઇઝ મોલ પાસે, માનસી સર્કલ, જજીસ બંગ્લોઝ રોડ, બોડકદેવ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૫.

### કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)
### (સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮(૧))

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ ના અધિકૃત અધિકારી દ્વારા, ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ તેમને પ્રાપ્ત સત્તા નો ઉપયોગ કરીને નીચે જણાવેલ અરજદાર/ દેવાદાર /સહ-અરજદાર /સહ-દેવાદાર / જામીનદાર / ગિરવેદાર ને માંગણાં નોટીસ જારી કરી નોટીસમાં જણાવેલ રકમ તેમજ કરાર(રો) મુજબ અનુગામી વ્યાજ, પેનલ વ્યાજ, ચાર્જિસ, કોસ્ટ, વગેરે એગ્રીમેન્ટ મુજબ આ નોટીસ મળ્યાની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવ્યું હતું.
અરજદાર/ દેવાદાર /સહ-અરજદાર /સહ-દેવાદાર / જામીનદાર / ગિરવેદાર, રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાને કારણે, ખાસ કરીને અરજદાર/ દેવાદાર /સહ-અરજદાર /સહ-દેવાદાર / જામીનદાર / ગિરવેદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચેસહી અધિકૃત અધિકારીએ ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વંચાયેલ ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪) હેઠળ અહીં જણાવેલી સંપત્તિનો કબજો લીધો છે. અરજદાર/ દેવાદાર /સહ-અરજદાર /સહ-દેવાદાર / જામીનદાર / ગિરવેદાર અને સામાન્ય જનતાને ખાસ કરીને આ દ્વારા મિલકત સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથે નો કોઈ પણ વ્યવહાર ઇક્વિટીઝ સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ ના ચાર્જને આધિન રહેશે. સિક્યોર્ડ એસેટ પરત મેળવવા માટે ઉપલબ્ધ પ્રાપ્ત સમય ના સંબંધ માં જણાવેલ એક્ટ ની કલમ ૧૩ ની પેટા કલમ ૮ ની જોગવાઈઓ પ્રત્યે અરજદાર/ દેવાદાર /સહ-અરજદાર / સહ-દેવાદાર / જામીનદાર / ગિરવેદાર નું ધ્યાન દોરવામાં આવશે.

| ક્ર ન | અરજદાર(ઓ) / જામીનદાર (ઓ) નું નામ | સિક્યોર્ડ એસેટનું વર્ણન (સ્થાવર મિલકત) | ડિમાન્ડ નોટિસ તારીખ અને અમાઉન્ટ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | **લોન/સુવિધા ખાતા નં.** 700000744295/ EMFSURTA0021317 & 700000451965/ ELPSURTA0021318. **૧. શ્રીમતી પૂજા કુમારી જે શક્તિ મણિ ની પત્ની, ૨. શ્રી શક્તિ પ્રકાશ મણિ જે પ્રકાશ મણિ ના પુત્ર** | **શ્રી પૂજા કુમારી શક્તિ પ્રકાશ મણિ જે શક્તિ પ્રકાશ મણિ ની પત્ની અને શક્તિ પ્રકાશ મણિ જે પ્રકાશ મણિ ના પુત્ર ની માલિકી ની સ્થાવર મિલકત** શ્રી પૂજા કુમારી શક્તિ પ્રકાશ મણિ જે શક્તિ પ્રકાશ મણિ ની પત્ની અને શક્તિ પ્રકાશ મણિ જે પ્રકાશ મણિ ના પુત્ર ની માલિકી ની સ્થાવર મિલકત તમામ ભાગ અને હિસ્સા સાથે ની મિલકત નો ફ્લેટ નં. ૧૦૩, સુપર બિલ્ટ-અપ એરિયા ૬૧.૬૨ ચોરસ મીટર અને બિલ્ટ-અપ એરિયા ૩૨.૦૬ ચોરસ મીટર, પહેલો માળ, કોમન રોડ અને સીઓપી સાથે અવિભાજિત પ્રમાણસર જમીન સાથે, ૩.૮૦ ચોરસ મીટર, બિલ્ડીંગ નં. બી તરીકે ઓળખાતી ઇમારત, અને "શ્રી વિનાયક રેસિડેન્સી" તરીકે ઓળખાતો પ્રોજેક્ટ, પ્લોટ નં. ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, કુલ એરિયા ૩૩૦.૩૫ ચોરસ મીટર, "શ્રી વિનાયક વિલા" તરીકે ઓળખાતી સોસાયટી, બિન-કૃષિ જમીન, મહેસૂલ સર્વે નં. ૫૭/૧, ૫૭/૨ અને ૫૮, બ્લોક નં. ૬૩ (કેજેપી બ્લોક નં. ૬૩/૧૮૦, ૬૩/૧૮૧, ૬૩/૧૮૨, ૬૩/૧૮૩ મુજબ), કુલ બ્લોક વિસ્તાર ૪૦૯૭૫.૦૦ ચોરસ મીટર, ગામ: દાસ્તાન, પેટા જિલ્લો (તાલુકો) પલસાણા, જિલ્લો: સુરત. ચતુઃ સીમા - ઉત્તર: મકાન નં. સી, દક્ષિણ: ફ્લેટ નં. ૧૦૪, પૂર્વ: મકાન નં. ઇ અને પશ્ચિમ: પેસેજ અને ફ્લેટ નં. ૧૦૨ | **૨૭.૦૨.૨૦૨૫** ---------- **રૂ. ૫,૪૪,૮૪૯.૯૨/-** (રૂપિયા પાંચ લાખ ચુમ્માલીસ હજાર આઠસો ઓગણપચાસ અને બાણું પૈસા પુરા) ૨૦.૦૨.૨૦૨૫ ના રોજ બાકી | **૧૩.૦૬.૨૦૨૫** |
| 2 | **લોન/સુવિધા ખાતા નં.** 700004406605/ EMFSURTA0032468 & 700004406618/ ELPSURTA0032469. **૧. શ્રી. મહાજન રવિન્દ્ર જે શ્રી પ્રતાપ ના પુત્ર, ૨. શ્રી મહાજન વંદના જે રવિન્દ્ર ની પત્ની ૩. શ્રી આકાશ રવિન્દ્ર તિરમાલે જે રવિન્દ્ર ના પુત્ર** | **શ્રી મહાજન રવિન્દ્ર જે શ્રી પ્રતાપ ના પુત્ર અને શ્રી મહાજન વંદના જે રવિન્દ્ર ની પત્ની અને શ્રી આકાશ રવિન્દ્ર તિરમાલે જે રવિન્દ્ર ના પુત્ર ની માલિકી ની સ્થાવર મિલકત** તમામ ભાગ અને હિસ્સા સાથે ની મિલકત નો પ્લોટ નં. ૨૬૩ [કેજેપી પછી નવો બ્લોક નં. ૩૧/૨૬૩], એરિયા ૪૦.૧૫ ચોરસ મીટર, રોડ અને સીઓપીની જમીનમાં ૨૧.૭૫ ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો, ગ્રીન પાર્ક ભાગ-૩, આર. એસ. નં. ૩૮, ૩૯, ૪૦, જૂનો બ્લોક નં. ૨૯, રેવન્યુ સર્વે પછી નવો બ્લોક નં. ૩૧, એરિયા ૫૮૨૮૬ ચોરસ મીટર, મોજે ગામ: હલધારુ, પેટા જિલ્લો: કામરેજ, જિલ્લો: સુરત. ચતુઃ સીમા - ઉત્તર: પ્લોટ નં. ૨૬૪, દક્ષિણ: પ્લોટ નં. ૨૬૨, પૂર્વ: સોસાયટી રોડ અને પશ્ચિમ: પ્લોટ નં. ૨૩૬ | **૨૭.૦૨.૨૦૨૫** --------- **રૂ. ૭,૦૪,૫૧૮.૦૦/-** (રૂપિયા સાત લાખ ચાર હજાર પાંચસો અઢાર પુરા) ૨૦.૦૨.૨૦૨૫ ના રોજ બાકી | **૧૩.૦૬.૨૦૨૫** |
| 3 | **લોન/સુવિધા ખાતા નં.** 700000822798/ EMFSURTA0026661 & 700000528447/ ELPSURTA0026662. **૧. શ્રી સુધાકર બાબુલાલ શર્મા જે બાબુલાલ શર્મા ના પુત્ર, ૨. શ્રીમતી સિમા સુધાકર શર્મા જે સુધાકર શર્મા ની પત્ની** | **શ્રી સિમા સુધાકર શર્મા જે સુધાકર શર્મા ની પત્ની અને શ્રી સુધાકર બાબુલાલ શર્મા જે બાબુલાલ શર્મા ના પુત્ર ની માલિકી ની સ્થાવર મિલકત** તમામ ભાગ અને હિસ્સા સાથે ની મિલકત નો ફ્લેટ નં. ૨૦૬, સુપર બિલ્ટ અપ એરિયા ૮૧૪.૩૨ ચોરસ ફૂટ ૭૫.૬૮ ચોરસ મીટર સમકક્ષ અને બિલ્ટ અપ એરિયા ૪૪૫.૦૩ ચોરસ ફૂટ ૪૧.૩૬ ચોરસ મીટર સમકક્ષ, બીજો માળ, જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો સાથે, "શ્રી રેસીડેન્સી" તરીકે ઓળખાતી ઇમારત, સબ પ્લોટ નં. ૫ (પ્લોટ નં. ૧, ૨, ૩ અને ૪), ૫૫૪.૫૫ ચોરસ મીટર ૬૬૩.૦૦ ચોરસ યાર્ડ સમકક્ષ, રોડ અને સીઓપીમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો સાથે, "લબ્ધી બંગલા", બ્લોક નં. ૯૭, ભાગ-૨ (રેવન્યુ સર્વે નં. ૩૪ અને ૩૫ ભાગ), હેક્ટર માપવા - ૩-૧૬-૯૪ ચોરસ મીટર, ગામ: સાંકી, પેટા જિલ્લા તાલુકો: પલસાણા જિલ્લો: સુરત. ચતુઃ સીમા - ઉત્તર: રસ્તો, દક્ષિણ: પ્લોટ નં. ૫, પૂર્વ: રસ્તો અને પશ્ચિમ: રસ્તો. | **૨૭.૦૨.૨૦૨૫** -------- **રૂ. ૫,૦૫,૨૯૫.૫૩/-** (રૂપિયા પાંચ લાખ પાંચ હજાર બસો પંચાણું અને ત્રેપન પૈસા પુરા) ૧૭.૦૨.૨૦૨૫ ના રોજ બાકી | **૧૩.૦૬.૨૦૨૫** |
| | **લોન/સુવિધા ખાતા નં.** 700000876273/ EMFSURTA0031009 & 700000585411/ ELPSURTA0031010. **૧. શ્રી યોગેશ કાશીનાથ પાટીલ જે કાશીનાથ પાટીલ ના પુત્ર, ૨. શ્રી જગદીશ કાશીનાથ પાટીલ જે કાશીનાથ પાટીલ ના પુત્ર, ૩. શ્રી હીરાબેન પાટીલ જે કાશીનાથ પાટીલ ની પત્ની ૪. શ્રી કાશીનાથ બાબુલાલ પાટીલ જે બાબુલાલ પાટીલ ના પુત્ર** | **શ્રી યોગેશ કાશીનાથ પાટીલ જે કાશીનાથ પાટીલ ના પુત્ર અને શ્રી જગદીશ કાશીનાથ પાટીલ જે કાશીનાથ પાટીલ ના પુત્ર અને શ્રીમતી હીરાબેન પાટીલ જે કાશીનાથ પાટીલ ની પત્ની ની માલિકી ની સ્થાવર મિલકત** તમામ ભાગ અને હિસ્સા સાથે ની મિલકત નો પ્લોટ નં. ૩૫૨, ૪૬.૪૫ ચોરસ મીટર (કેજેપી બ્લોક નં. ૮૫/૩૫૨ પછી ૩૯.૦૭ ચોરસ મીટર), રોડ અને સીઓપીમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે, ૨૨.૧૨ ચોરસ મીટર, "સાઈ આંગણ રેસીડેન્સી", રેવન્યુ સર્વે નં. ૧૦૦ અને ૧૦૧, બ્લોક નં. ૮૫, ૩૯૯૫૬ ચોરસ મીટર, જોલવા, પેટા જિલ્લો: પલસાણા, જિલ્લો: સુરત. ચતુઃ સીમા - ઉત્તર: પ્લોટ નં. ૮૬, દક્ષિણ: સોસાયટી ઇન્ટર્નલ રોડ, પૂર્વ: પ્લોટ નં. ૩૫૩ અને પશ્ચિમ: પ્લોટ નં. ૩૫૧. | **૨૭.૦૨.૨૦૨૫** --------- **રૂ. ૭,૩૨,૯૧૫.૦૦/-** (રૂપિયા સાત લાખ બત્રીસ હજાર નવસો પંદર પુરા) ૧૭.૦૨.૨૦૨૫ ના રોજ બાકી | **૧૩.૦૬.૨૦૨૫** |

**તારીખ - ૧૪.૦૬.૨૦૨૫, સ્થળ - ગુજરાત** **નોંધ : (વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)** **અધિકૃત અધિકારી, ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિ.**


# અમદાવાદ લંડન વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન




અમદાવાદ,

અમદાવાદમાં આજે (૧૨ જૂન) બપોરે બનેલી એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટનામાં ક્રૂ મેમ્બર્સ સહિત ૯૧ લોકોના મોત નીપજ્યા છે. આ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ દુઃખદ નિધન થયું હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. વિજય રૂપાણીના નિધનના સમાચારથી ગુજરાતના રાજકીય વર્તુળમાં શોકનો માહોલ છવાયો છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓ વિજય રૂપાણીના નિવાસસ્થાને પહોંચવા લાગ્યા છે. વિજય રૂપાણીના ઘરની બહાર ભારે ભીડ જામી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર ટેક ઑફ કરતી વખતે એર ઇન્ડિયાનું અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. આ વિમાન ઍરપોર્ટ પરથી બપોરે ૧.૩૮ વાગે ટેક ઑફ થયું હતું અને ૧.૪૦ વાગે દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાથમિક અહેવાલો પ્રમાણે, ટેક ઑફ વખતે વિમાનનો પાછળનો ભાગ વૃક્ષ સાથે અથડાતાં આ ઘટના બની હતી. એવું પણ કહેવાય છે કે, આ પ્લેનમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાઈ હોવાથી દુર્ઘટના સર્જાઈ હતી. કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ટ્વિટ કરીને લખ્યું હતું કે વિજયભાઇ રૂપાણી, જેમની સાથે ગુજરાત વિધાનસભામાં એક સાથી તરીકે કામ કર્યું હતું. તેમનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુંના સમાચાર દુર્ભાગ્યપૂર્ણ છે. અતિશય કરુણ અને ન કલ્પી શકાય એવા દુઃખદ સમાચાર મળ્યા. અમદાવાદથી લંડન જઈ રહેલું વિમાન ટેકઓફ થયાની થોડી જ મિનિટોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું. આ ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા અને ઘાયલ થયા છે તેવા સમાચારોથી ખુબ વ્યથિત છું. દુર્ઘટનાગ્રસ્ત લોકોને મદદરૂપ બનવા, બ્લડ ડોનેટ કરવા અને પ્રશાસનને જ્યાં જરૂર પડે ત્યાં મદદરૂપ થવા કોંગ્રેસ કાર્યકર્તાઓને વિનંતી કરું છું. વિસાવદર અને કડીની પેટા ચુંટણીઓ ચાલી રહી છે ત્યારે આજના દિવસની તમામ જાહેર સભાઓ, સ્વાગત સમારોહ, રેલીઓ રદ કરવાની ઘોષણા કરું છું. સમગ્ર કોંગ્રેસ પરિવાર શોકગ્રસ્ત પરિવારોની સાથે દુઃખમાં સહભાગી છે. ઈશ્વર મૃતકોના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરું છું અને મૃતકોને શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું. તો બીજી તરફ વિસાવદર પેટા ચૂંટણીના ત્રણ દિવસના પ્રચાર પ્રવાસે ગયેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આજે અમદાવાદ નજીક થયેલી વિમાન દુર્ઘટનાની દુઃખદ સમાચાર મળતાની સાથે જ પોતાનો પ્રવાસ તાત્કાલિક રોકી અમદાવાદ માટે રવાના થઈ ગયા છે.

# સુરત જિલ્લાના કુલ ૪૯,૧૦૮ વિદ્યાર્થીઓ ધો.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા આપશે

## વિદ્યાર્થીઓ તણાવમુક્ત પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચન કરતા નિવાસી અધિક કલેક્ટર



**ધો.૧૦ તેમજ ધો.૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા તા.૨૩ જૂનથી ૩ જુલાઈ દરમિયાન સુરતના કુલ ૬૨ કેન્દ્રો પર યોજાશે**

સુરત

નિવાસી અધિક કલેકટરશ્રી વિજય રબારીના અધ્યક્ષ સ્થાને ધો.૧૦ અને ૧૨ બોર્ડની પૂરક પરીક્ષા-૨૦૨૫ની પૂર્વ તૈયારી અંગે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા લેવાનારી ધો.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષામાં સુરત જિલ્લાના ધો.૧૦ના ૨૯,૪૬૯, ધો.૧૨ સા.પ્ર.ના ૭,૫૧૬ અને વિ.પ્ર.ના ૧૨,૧૨૩ મળી કુલ ૪૯,૧૦૮ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે. જેમાં ધો.૧૨ વિ.પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા તા.૧૨થી ૧૪ જૂન, તેમજ ધો.૧૦, ધો.૧૨ સા.પ્રવાહ અને વિ.પ્રવાહની બોર્ડની પરીક્ષા તા.૨૩ જૂન થી ૩ જુલાઈ દરમિયાન સુરત જિલ્લાના કુલ ૬૨ કેન્દ્રો પર યોજાશે.

આ પ્રસંગે અધિક કલેક્ટરશ્રીએ શાળા સંચાલકોને વિદ્યાર્થીઓ તણાવમુક્ત થઈ પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચન કર્યું હતું. તેમણે કહ્યું કે, સાનુકૂળ વાતાવરણમાં પરીક્ષા આપવાથી બાળકો બેસ્ટ પરફોર્મન્સ આપી શકે છે. સાથે જ વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે ટ્રાફિક, વીજળીનો અવિરત પ્રવાહ કે અવરજવર માટે બસ સુવિધાનું યોગ્ય આયોજન કરવા વિવિધ વિભાગોને જણાવ્યું હતું. અંતરિયાળ વિસ્તારોથી આવતા બાળકોને સમયસર એસ.ટી બસ ઉપલબ્ધ થઈ રહે તેવી ગોઠવણ કરવા, શહેરમાં મેટ્રોની કામગીરીને લઈને પણ બાળકોને આવાગમનની કોઈ સમસ્યા ન થાય અને સમયસર પરીક્ષાસ્થળે પહોંચે તે જોવા જણાવ્યું હતું.

# અમદાવાદ પ્લેન ક્રેશના ભયાવહ દ્રશ્યો, વિમાન હોસ્ટેલની ઈમારતમાં ઘૂસી ગયું



અમદાવાદ,

અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પરથી એર ઈન્ડિયાની બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ફ્લાઈટ ટેકઓફ થયા બાદ થોડી જ મિનિટોમાં મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થઈ છે. આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. વિમાનમાં કુલ ૨૪૨ લોકોમાં ૧૬૯ ભારતીય મુસાફરો, ૫૩ બ્રિટિશ મુસાફરો, સાત પોર્ટુગીઝના નાગરિકો અને એક કેનેડિયન નાગરિક અને ૧૨ ક્રૂ મેમ્બર સવાર હતા. વિમાન મેઘાણીનગર સ્થિત એક બિલ્ડિંગ સાથે ધડાકાભેર અથડાયા બાદ ફ્લાઈટમાં ભયાનક આગ લાગી હતી. હાલ એનડીઆરએફ સહિત તમામ ટીમો રેસ્ક્યુ-ઓપરેશન કરી રહ્યા છે.

ફ્લાઈટ ટેકઓફ થયા બાદ બે મિનિટમાં જ ડૉક્ટરોની હૉસ્ટલે પર ક્રેશ થઈ છે, જેની અનેક ભયાનક તસવીરો સામે આવી છે. તેમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, વિમાનનો પાછળનો ભાગ (ટેલ) મેડિકલ કૉલેજના રેજિડેન્ટ ડૉક્ટર હોસ્ટેલની ઉપર ફસાયેલો છે. વિમાન બિલ્ડિંગ પર ક્રેશ થતાની સાથે જ જોરદાર ધડાકો થયો અને આગ લાગી ગઈ હતી. ત્યારબાદ અહીં ચારેકોર દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા. હાલ વિમાનમાં સવાર લોકોને બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ, ક્રેશ થયેલું વિમાન હોસ્ટેલ બિલ્ડિંગના ત્રીજા, ચોથા અને પાંચમા માળે પાંખની બાજુએથી અથડાયું હતું. આ ભયાવહ ટક્કરને કારણે બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને તે ગમે ત્યારે તૂટી પડે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. વિમાન અથડાયા બાદ બિલ્ડિંગમાં ભયંકર આગ લાગી હતી. આ બિલ્ડિંગમાં ઈન્ટર્ન ડોક્ટર અને તેમના પરિવારજનો સહિત અંદાજે ૫૦થી વધુ લોકો હાજર હતા.

આ વિમાન જ્યાં તૂટી પડ્યું હતું એ રહેણાંક ઈમારત સિવિલ હૉસ્પિટલની હોવાની માહિતી મળી રહી છે. જેના કારણે ૧૫ જેટલા રેસિડેન્ટ ડૉક્ટરો પણ ઈજાગ્રસ્ત થયા હતા. આ ઈમારત આગમાં લપેટાઈ જતાં ધુમાડાના ગોટેગોટા ઉડ્યા હતા.

## અમદાવાદ પ્લેન ક્રેશ: 'મારા પુત્રએ જીવ બચાવવા બીજા માળેથી છલાંગ લગાવી', માતાએ વર્ણવી વ્યથા

અમદાવાદ,

અમદાવાદના મેઘાણીનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટેક ઓફ કરતી વખતે એર ઈન્ડિયાનું અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. આ પ્લેન એરપોર્ટ પરથી બપોરે ૧:૩૮ વાગ્યે ટેક ઓફ થયું હતું અને ૧:૪૦ વાગ્યે દુર્ઘટના સર્જાઇ હતી.

એર ઈન્ડિયા પ્લેન ક્રેશથી આખો દેશ હચમચી ઉઠ્યો છે. આ પ્લેનમાં ૨૩૦ યાત્રીઓ અને ૧૨ ક્રૂ મેમ્બર સહિત ૨૪૨ લોકો સવાર હતા. અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભરનારું આ પ્લેન ટેક ઓફ બાદ તાત્કાલિક દુર્ઘટનાનો શિકાર બન્યુ હતું. ક્રેશ સાઈડ પરથી કાળો ધુમાડો ઉડતો દેખાઈ રહ્યો છે. આ એક ઈન્ટરનેશનલ એરક્રાફ્ટ હતું. દુર્ઘટના બાદ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળ પર પહોંચી અને લોકોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

એરપોર્ટના રનવે ૨૩ પરથી ઉડાન ભર્યાના થોડીવાર પછી જ આ અકસ્માત થયો અને પ્લેન એરપોર્ટથી થોડા અંતરે મેડિકલ કોલેજની ઈમારત સાથે અથડાયું અને ક્રેશ થયું.

અકસ્માતની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે દુર્ઘટના સ્થળ પરથી નીકળતો કાળો ધુમાડો સમગ્ર વિસ્તારમાં ફેલાઈ ગયો હતો.

આ દરમિયાન, રમીલા નામની એક મહિલાનું નિવેદન સામે આવ્યું છે, જેનો પુત્ર એ જ હોસ્ટેલમાં રહેતો હતો જ્યાં પ્લેન ક્રેશ થયું હતું. ધ્રૂજતા અવાજે તેણે કહ્યું, 'મારો દીકરો લંચ બ્રેક દરમિયાન હોસ્ટેલમાં ગયો હતો અને ત્યાં પ્લેન ક્રેશ થયું. મને લાગ્યું કે બધું ખતમ થઈ ગયું છે. પરંતુ ભગવાનનો આભાર, મારો દીકરો બચી ગયો.'

રમીલાબહેને જણાવ્યું કે, 'અકસ્માત સમયે મારો દીકરો પોતાનો જીવ બચાવવા માટે બીજા માળેથી કૂદી પડ્યો હતો, જેના કારણે તેને થોડી ઈજાઓ થઈ હતી. મેં તેની સાથે વાત કરી છે, તેણે કહ્યું કે મમ્મી હું ઠીક છું, બસ થોડી ઈજા થઈ છે.'

## અમદાવાદ પ્લેન ક્રેશ : 'Mayday Call...' પ્લેન ક્રેશ થતાં પહેલા પાયલોટે આપ્યું હતું સિગ્નલ

અમદાવાદ, અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં આજે એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું છે. અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઇટ ટેક ઑફ થયાની બે મિનિટમાં ક્રેશ થઈ ગઈ છે. વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા. ફ્લાઇટના પાયલોટે ક્રેશ થયાની ઠીક પહેલા એટીસીને ખતરાનું સિગ્નલ આપ્યું હતું અને આ સિગ્નલની બે મિનિટમાં જ વિમાન ક્રેશ થઈ ગયું. ડીસીજીએ દ્વારા વિમાન દુર્ઘટના અંગે માહિતી અપાઈ છે. ૧૨ જૂન-૨૦૨૫ના રોજ એર ઈન્ડિયાનું વિમાન ૠ૭૮૭ અમદાવાદથી ગૈટવિક (AI-171) જઈ રહ્યું હતું, જોકે પ્લેન ટેક ઑફ થતાંની સાથે બે મિનિટમાં ક્રેશ થઈ ગયું છે. આ વિમાનમાં કુલ ૨૪૨ લોકોમાં ૧૬૯ ભારતીય મુસાફરો, ૫૩ બ્રિટિશ મુસાફરો, સાત પોર્ટુગીઝના નાગરિકો અને એક કેનેડિયન નાગરિક સવાર હતા. ક્રેશ થયેલ એર ઈન્ડિયાની ફ્લાઇટ કૅપ્ટન સુમિત સાભરવાલ ચલાવી રહ્યા હતા, ત્યારે તેમની સાથે ફર્સ્ટ ઑફિસર ક્લાઈવ કુંદર હતા. સુમિતને ૮૨૦૦ કલાક ફ્લાઈટ ચલાવવાનો અનુભવ હતો, જ્યારે ક્લાઈવને ૧૧૦૦ કલાકનો હતો.

સૌથી મહત્ત્વની માહિતી એ સામે આવી છે કે, વિમાન અમદાવાદ ઍરપોર્ટના રન-વે ૨૩ પરથી બપોરે ૧.૩૯ કલાકે ટેક ઑફ થયું હતું. ટેક ઑફ થતાં જ ફ્લાઇટના પાયલોટે એટીસીને મેડે કૉલ કર્યો હતો. જોકે ત્યારબાદ પાયલોટ દ્વારા એટીસીને કોઈ સિગ્નલ ન મળ્યું. ટેક ઑફની થોડીક જ સેકન્ડોમાં વિમાન ઍરપોર્ટ પરિસરની બહાર ક્રેશ થઈ ગયું. કોઈપણ ફ્લાઇટમાં 'મેડે કૉલ' (Mayday Call) એક ઈમરજન્સી મેસેજ હોય છે. જ્યારે પાયલોટ કોઈ ગંભીર સંકટમાં હોય છે અને મુસાફરોના જીવ જોખમમાં હોય છે, ત્યારે પાયલોટ 'મેડે કૉલ' મેસેજ મોકલે છે. જેમ કે વિમાનનું એન્જિન ફેલ થવું, વિમાનમાં આગ લાગવી, આકાશમાં ટક્કરનો ખતરો અથવા હાઈજેક જેવી સ્થિતિ વખતે પાયલોટ આ મેસેજ મોકલતા હોય છે.

# જામનગરની જી.જી. હોસ્પિટલ ફરીવાર ચર્ચામાં : લોખંડના પાઈપ સાથે શખ્સે મચાવ્યો હંગામો, સિક્યુરિટીનો સદંતર અભાવ

જામનગર, જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ દિન પ્રતિદિન નવા વિવાદોમાં સપડાયેલી રહે છે, અને તેમાં ખાસ કરીને સુરક્ષા વ્યવસ્થા ખાડે ગઈ હોય તે પ્રકારેના દિન પ્રતિ દિન વિડીયો વાયરલ થઈ રહ્યા છે. અને હોસ્પિટલ પરિસરમાં દર્દીના સગા વાલાઓ વગેરે દ્વારા સરેઆમ આતંક મચાવી રહ્યા છે, જેના કારણે અન્ય દર્દીઓ અને તેના સગા વાલાઓમાં ભયનું વાતાવરણ જોવા મળે છે, અને સુરક્ષા વ્યવસ્થાની સદંતર ખામી જોવા મળે છે. ગઈકાલે રાત્રિના ૧૨.૦૦ વાગ્યાના અરસામાં જી.જી. હોસ્પિટલની લોબીમાં લોખંડનો પાઈપ લઈને એક માથાભારે શખ્સ ધસી આવ્યો હતો, અને પોતાની સાથે મારામારીમાં ઈજાગ્રસ્ત બનેલા એક વ્યક્તિની સારવાર મામલે સૌ પ્રથમ ૧૦૮ ની ટીમ કે જેને સારવારમાં લાવી હતી તેની સાથે જ હંગામો મચાવ્યો હતો, અને લોખંડના પાઈપ ઉગામીને ધાકધમકી આપી હતી. ત્યારબાદ હોસ્પિટલની કેશ વિભાગની બારી સહિતના વિસ્તારમાં લોખંડના પાઈપ સાથે ભારે ધમાચકડી કરી હોવાથી દેકરો બોલી ગયો હતો, અને ભયનું વાતાવરણ જોવા મળ્યું હતું. આ સમયે જી.જી. હોસ્પિટલ પરિસરમાં એક પણ સિક્યુરિટીનો જવાન દેખાયો ન હતો, અને માથાભારે શખ્સે હોસ્પિટલની લોબીને માથે લીધી હતી.


## આઈડેન્ટિક્સવેબ લિમિટેડ

CIN: U72100GJ2017PLC098473

રજિસ્ટર્ડ ઓફિસઃ પ્લોટ નં. ૨૪૦, સી. એસ. નં. ૧૭૩૦, પહેલો માળ, નેહરુ નગર, એલ. એચ. રોડ,સી. નં. ૪૬/એ+૨, ટીપીએસ-૪, સુરત –૩૯૫૦૦૬, ગુજરાત, ભારત. ટેલિફોનઃ +૯૧ ૭૬૦૦૦ ૮૪૫૩૬; વેબસાઈટઃ www.identixweb.com; ઈમેઈલઃ compliance@identixweb.com

### પોસ્ટલ બેલોટની સૂચના

આથી કંપનીઓનો ધારો, ૨૦૧૩ ("ધારો") ની કલમો ૧૦૮ અને ૧૧૦ ની જોગવાઈઓ અને અન્ય લાગુ જોગવાઈઓને અનુસરીને અને કંપનીઓ (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ (સમય-સમય પર સુધારેલા મુજબ) ("નિયમો) ના નિયમો ૨૦ અને ૨૨ ને સાથે વાંચીને અને સેબી (સૂચિબદ્ધ જવાબદારી અને જાહેરાત આવશ્યકતાઓ) નિયમનો, ૨૦૧૫ (સેબી સૂચિઓ નિયમો) ના નિયમન ૪૪ અને અન્ય લાગુ કાયદા અને નિયમો પ્રમાણે સૂચના આપવામાં આવે છે કે તારીખઃ ૧૨મી જૂન, ૨૦૨૫ ના રોજની પોસ્ટલ બેલોટની સૂચનામાં જણાવ્યા મુજબના વિશેષ વ્યવસાય માટે આઈડેન્ટિક્સવેબ લિમિટેડ ("કંપની) ના સભ્યોની મંજૂરીની માંગ પોસ્ટલ બેલોટ અને દૂરસ્થ ઇ-મતદાનની પ્રક્રિયાને અનુસરીને દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન (દૂરસ્થ ઇ-મતદાન) દ્વારા કરવામાં આવી રહી છે.
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય દ્વારા જારી કરાયેલા સામાન્ય પરિપત્રો નં. ૧૪/૨૦૨૦ તાઃ ૦૮/૦૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦ તાઃ ૧૩/૦૪/૨૦૨૦, ૨૨/૨૦૨૦ તાઃ ૧૫/૦૬/૨૦૨૦, ૩૩/૨૦૨૦ તાઃ ૨૮/૦૯/૨૦૨૦, ૩૯/૨૦૨૦ તાઃ ૩૧/૧૨/૨૦૨૦, ૧૦/૨૦૨૧ તાઃ ૨૩/૦૬/૨૦૨૧, ૨૦/૨૦૨૧ તાઃ ૦૮/૧૨/૨૦૨૧, ૩/૨૦૨૨ તાઃ ૦૫/૦૫/૨૦૨૨, ૧૧/ ૨૦૨૨ તાઃ ૨૮/૧૨/૨૦૨૨, ૦૯/૨૦૨૩ તાઃ ૨૫/૦૯/૨૦૨૩ અને ૦૯/૨૦૨૪ તાઃ ૧૯/૦૯/૨૦૨૪ ને અનુસંધાને, શુક્રવાર, તારીખ જૂન ૧૩, ૨૦૨૫, ના રોજ કંપનીએ ફક્ત ઈ-મેઈલ દ્વારા પોસ્ટલ બેલોટ સૂચનાને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં મોકલવાની કામગીરી પૂર્ણ કરી દિધી છે. પોસ્ટલ બેલોટ સૂચનાને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં કંપનીના એ બધા સભ્યો કે જેમના નામ શુક્રવાર, તારીખ જૂન ૬, ૨૦૨૫ ("નક્કી કરેલી તારીખ") ના રોજ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટરમાં અને ડિપોઝિટરીઓ પાસેથી પ્રાપ્ત થયેલા લાભદાયી માલિકો દેખાય છે એમને જ મોકલાવી છે. પોસ્ટલ બેલોટ સૂચનાની ભૌતિક નકલ અને પોસ્ટલ બેલોટ ફોર્મ અને પૂર્વ ચૂકવેલ વ્યવસાય પરબિડીયું આ પોસ્ટલ બેલોટ માટે સભ્યોને મોકલવામાં આવશે નહીં. તદનુસાર, સભ્યોની સંમતિ અથવા અસંમતિનો વ્યવહાર ફક્ત દૂરસ્થ ઇ-મતદાન પદ્ધતિ દ્વારા થશે.
ઉપર જણાવેલા કોર્પોરેટ બાબતોનું મંત્રાલય પરિપત્રો પ્રમાણે આ પોસ્ટલ બેલોટના દૂરસ્થ ઇ-મતદાન માટે એ બધા સભ્યો કે જે ડીમેટ સ્વરૂપમાં અથવા ભૌતિક સ્વરૂપમાં કંપનીના ઈક્વિટી શેર ધરાવે છે અને પોતાનાં ઈ-મેઈલ સરનામાં નથી નોંધાવ્યા જેના લીધે પોસ્ટલ બેલોટ સૂચના નથી મોકલી શકાઇ એ સભ્યો અસ્થાયીરૂપે તેમના ઇ-મેઈલ સરનામા કંપની સાથે આ પ્રમાણે નોંધાવી શકે છે, (એ) જો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવો છો તો શેરધારકનું નામ, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) compliance@identixweb.com પર ઇ-મેઈલ કરી ને, (બી) જો ડીમેટ સ્વરૂપમાં ધરાવો છો તો નામ, DPID-CLID (16 અંકનો DPID + CLID અથવા ૧૬ અંકોના લાભાર્થી આઈડી), ક્લાયંટ માસ્ટર અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) compliance@identixweb.com પર ઇ-મેઈલ કરી ને, ૩) અથવા તો સભ્યો પોઈન્ટ (એ) અથવા (બી) માં જણાવેલ વિગતો ઇ-મેઈલ દ્વારા evoting@nsdl.com પર મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટે વિનંતી કરી શકે છે.
કંપનીએ તમામ સભ્યોને દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન ની સુવિધા આપવા માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("એનએસડીએલ") સાથે કરાર કર્યો છે. સભ્યો નોંધી શકે છે કે દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન સોમવાર, તારીખ ૧૬મી જૂન, ૨૦૨૫ નાં રોજ સવારનાં ૦૯:૦૦ વાગ્યા થી શરૂ થશે અને શુક્રવાર, તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૨૫ નાં રોજ સાંજનાં ૦૫:૦૦ વાગતાં (બંને દિવસો સહિત) પુર્ણ થશે. આ સમયગાળા દરમિયાન, એ બધા સભ્યો કે જેમના નામ નક્કી કરેલી શુક્રવાર, તારીખ જૂન ૬, ૨૦૨૫ ના રોજ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટરમાં અને ડિપોઝિટરીઓ પાસેથી પ્રાપ્ત થયેલા લાભદાયી માલિકો દેખાય છે ફક્ત એ જ સભ્યો દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાનની સુવિધાનો લાભ મેળવવાના હકદાર રહેશે અને આવા સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકશે. ત્યારબાદ એનએસડીએલ દ્વારા દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન કરવા માટે ઇ-મતદાન મોડ્યુલ અક્ષમ કરવામાં આવશે અને દૂરસ્થ ઇ-મતદાનને ઉપરોક્ત તારીખ અને સમયથી આગળ મંજૂરી આપવામાં આવશે નહીં. એકવાર સભ્ય દ્વારા ઠરાવ પર મત આપ્યા પછી, તે /તેણીને પછીથી બદલવાની અથવા ફરીથી મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં. મતદાન માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલોટ સૂચનામાં આપવામાં આવેલી છે.
કંપનીના નિયામક મંડળે પોસ્ટલ બેલોટ અને દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન હાથ ધરવા અને દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન દ્વારા મેળવેલા મતોની સુસ્પષ્ટ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે મેસર્સ હાર્દિક જેતાણી એન્ડ એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ સ્ક્રુટિનાઇઝર તરીકે નિમણૂક કરી છે.
પોસ્ટલ બેલોટની સૂચનામાં જણાવ્યા મુજબના વિશેષ વ્યવસાયો પર ના મતદાન નું પરિણામ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર ગુરુવાર, તારીખ ૧૭ જુલાઈ, ૨૦૨૫ નાં રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે અને તે કંપનીની વેબસાઈટ www.identixweb.com પર પણ મુકવામાં આવશે અને સાથે સાથે તે જ દિવસે સ્ટોક એક્સચેંજ, રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ અને ઇ-મતદાન એજન્સીને પણ મોકલવામાં આવશે.
સભ્યો કે જેને પોસ્ટલ બેલોટ સૂચના નથી મળી, તે compliance@identixweb.com પર ઇ-મેઈલ મોકલી શકે છે અથવા એનએસડીએલને evoting@nsdl.co.in પર અરજી કરી શકે છે અને પોસ્ટલ બેલોટ નોટિસની નકલ મેળવી શકે છે. પોસ્ટલ બેલોટ સૂચના કંપનીની વેબસાઈટ www.identixweb.com અને ઇ-મતદાન એજન્સી www.evoting.nsdl.com વેબસાઈટ પરથી પણ મેળવી શકાય છે.
દૂરસ્થ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મતદાનને લગતી કોઈપણ પ્રશ્નો /ફરિયાદોને શ્રીમતી પૂજા શાહ, કંપની સચિવ અને પાલન અધિકારી, આઈડેન્ટિક્સવેબ લિમિટેડ, પ્લોટ નં. ૨૪૦, સી. એસ. નં. ૧૭૩૦, પહેલો માળ, નેહરુ નગર, એલ. એચ. રોડ, સી. નં. ૪૬/એ+૨, ટીપીએસ-૪, સુરત –૩૯૫૦૦૬, ગુજરાત, ભારત., પર સમ્બોધી શકે છે અથવા compliance@identixweb.com અથવા grievances@skylinerta.com પર ઇ-મેઈલ મોકલી શકે છે અથવા +૯૧ ૭૬૦૦૦ ૮૪૫૩૬ ફોન કરી શકે છે.
કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે સભ્યો દ્વારા વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) નો સંદર્ભ લો અન www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ સભ્યો માટે ઇ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા અથવા ટોલ ફ્રી નંબર ૦૨૨ ૪૮૮૬ ૭૦૦૦ પર ફોન કરી શકો છો અથવા evoting@nsdl.com પર વિનંતી મોકલી શકો છો.

આઈડેન્ટિક્સવેબ લિમિટેડ માટે
સહી/-
પૂજા શાહ
કંપની સચિવ

સ્થળ : સુરત
તારીખ : જૂન ૧૩, ૨૦૨૫